કેનેડિયન ડોલર ફી નહીં ભરતા ચેક રિટર્ન કેસમાં આરોપીને સજા

સુરતઃ ફરિયાદી નિંકુજ ચંદુલાલ ધાનાણી અને આરોપી હાર્દિક દામજીભાઈ બદરૂખીયા વચ્ચે વિદેશના વિઝાનું કામ કરતો વ્યવસાયિક સંપર્ક હતો. ફરિયાદીએ જૈનમ પટેલની કોલેજ ફી કેનેડિયન ડોલરમાં ભરવાની હોવાથી આરોપીને કુલ રૂ.13,48,802 ચૂકવ્યા હતા. પરંતુ કુલ 21,091 કેનેડિયન ડોલર જમા કરવામાં આરોપી નિષ્ફળ રહેતા ચેક આપ્યો હતો. ફરિયાદીએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી પુર્ણ થયા બાદ કોર્ટે આરોપીને 6 મહિનાની કેદની સજા ફટકારી કુલ રૂ.14 લાખ દંડ પેટે ભરી ફરિયાદીને ચૂકવવાનો હુકમ કર્યો હતો.

ગાંજાની તકરારમાં હત્યા કેસના ૧૮ વર્ષીય આરોપીને હાઈકોર્ટનાં જામીન

સુરતઃ કાપોદ્રા પોલીસ સ્ટેશને નોંધાયેલા હત્યા કેસમાં આરોપી તારક જીતેન્દ્રભાઈ માંગુકિયાની જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી હતી. ગાંજાના વેચાણ સંબંધિત વિવાદમાંથી આ ઘટના શરૂ થઈ હતી, જેમાં આરોપીએ મૃતકને પકડી રાખ્યો હતો જ્યારે સહઆરોપી રાહુલ નાવડિયાએ છરી વડે હુમલો કર્યો હતો. આરોપી તરફે એડવોકેટ રિધ્ધિશ મોદી અને મુકુંદ રામાણીએ રજુઆત કરી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ હાઈકોર્ટે આરોપીનાં જામીન મંજૂર કર્યા હતા.

3.50 લાખના ચેક બાઉન્સ કેસ આરોપીને એક વર્ષની કેદ

સુરતઃ આરોપી મોહંમદ નદીમ ગુલામમોહંમદ શાહએ ટ્રાન્સપોર્ટ વાહન માટે શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની પાસેથી લોન લીધી હતી. લોનના હપ્તા નિયમિત ન ભરાતા બાકી કાયદેસર લેણી રકમના ભાગરૂપે આરોપીએ તા.15 માર્ચ 2022નો રૂ.3.50 લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદી કંપનીના બ્રિજેશ પટેલે આરોપી વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ફરિયાદી તરફે એડવોકેટ વનેશ્રી ભગતવાલાએ દલીલો કરી હતી. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપી મોહંમદ નદીમ ગુલામમોહંમદ શાહને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો હતો.

લાંચ કેસમાં વેચાણ વેરા અધિકારી અને નિરીક્ષકનો છૂટકારો

સુરતઃ સહાયક વેચાણ વેરા અધિકારી પરથી વાયડા તથા વેચાણ વેરા નિરીક્ષક મોહન પટેલનો રૂ.૪૦,૦૦૦ની લાંચના કેસમા છુટકારો થયો હતો. ફરીયાદી અબ્દુલઅઝીઝ અબ્દુલરશીદ શેખની ભાગીદારી પેઢીની માલિકીની સિટિઝન રેસ્ટોરન્ટમાં વેચાણ વેરાનાં ઘટક-૧ ના અધિકારી તરીકે આરોપીએ દરોડા પાડી સેલટેક્સ નંબર વગર ધંધો કરતાં હોય રૂ.૪૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જેથી ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ કરતાં પોલીસે છટકું ગોઠવી બન્ને આરોપીને લાંચ કેસમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહીમાં સહાયક વેચાણ વેરા અધિકારી તર્ફે વકીલ ઉજ્જવલ જી. દેસાઈ તથા વેચાણ વેરા નિરીક્ષક તર્ફે વકીલ કિરીટ સી. પાનવાલા હાજર થઈ બચાવની કામગીરી કરી હતી. ફરિયાદ પક્ષે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે બંને આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

રવિવારની રજા મુદ્દે એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં વિવાદ

કામદારો-પોલીસ અને લેબર વિભાગ વચ્ચે સંયુક્ત બેઠક યોજાઈ, સોમવારે નિર્ણયની સંભાવના

જે ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રશ્ન છે ત્યાં એસોસિએશન સાથે સંવાદ કરી નિર્ણય લેવાશે

સુરતઃ વિવિધ તહેવારો અને આગામી દિવાળીની સિઝનને કારણે છેલ્લા સાત મહિનાથી મંદીનો સામનો કરી રહેલા સુરતના કાપડ ઉદ્યોગમાં હવે તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, આ તેજી વચ્ચે એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં રવિવારની સાપ્તાહિક રજા સહિતની કામદારોની વિવિધ માંગણીઓને લઈને વિવાદ ઊભો થયો છે. આ મામલે હવે પોલીસ અને લેબર વિભાગે કારીગરો સાથે સીધો સંવાદ શરૂ કર્યો છે.

મંગળવારે સુરતના જુદા જુદા ઔદ્યોગિક વિસ્તારોના કામદાર આગેવાનો, પોલીસ અધિકારીઓ તથા લેબર વિભાગના અધિકારીઓની હાજરીમાં સાપ્તાહિક રજાના મુદ્દે મહત્ત્વની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કામદારોએ રવિવારની રજા, રજાના દિવસે પગાર, દિવાળીમાં બોનસ તથા દર મહિનાની સાતમી તારીખ સુધીમાં પગાર ચૂકવવા સહિતની માંગણીઓ રજૂ કરી હતી.

14 ઓગસ્ટે અમરોલી-સાયણ પટ્ટામાં કામદારોએ મશીનો બંધ કરાવ્યાં હતાં. રવિવારની સાપ્તાહિક રજા સહિતની માંગણીઓને લઈ કામદારોમાં અસંતોષ છેલ્લા કેટલાક દિવસથી ઉગ્ર બન્યો હતો. તા.14 ઓગસ્ટે અમરોલીના વેદાંત ઈન્ડસ્ટ્રિયલ વિસ્તાર, ડાયમંડ અમરોલી-કોસાડ-સાયણ રોડ પટ્ટા સહિત એમ્બ્રોઈડરીના મુખ્ય ઔદ્યોગિક વિસ્તારોમાં મોટી સંખ્યામાં કારીગરો એકઠા થયા હતા અને મશીનો સંપૂર્ણપણે બંધ કરાવી હડતાળ પાડી હતી.

જોકે, પોલીસ દ્વારા કામદારોને સમજાવવામાં આવ્યા બાદ પરિસ્થિતિ થાળે પડી હતી. પોલીસે કામદારોને ટોળે વળવાને બદલે તેમના પ્રશ્નો અંગે સંબંધિત એસોસિએશન તથા લેબર વિભાગ સાથે ચર્ચા કરીને ઉકેલ લાવવા સમજાવ્યા હતા. સચિન-હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં પણ આજે કારીગરોના પ્રશ્નોને લઈ સચિન પોલીસ અને સચિન GIDC પોલીસ સ્ટેશનના અધિકારીઓએ કામદારો સાથે સંવાદ કર્યો હતો. પોલીસ અધિકારીઓએ કારીગરોને સમજાવ્યું હતું કે, ટોળાં એકઠાં કરી મશીનો બંધ કરાવવાને બદલે પોલીસની હાજરીમાં એમ્બ્રોઈડરી એસોસિએશન સાથે બેઠક યોજી માંગણીઓ રજૂ કરવામાં આવે અને વાતચીતથી ઉકેલ લાવવામાં આવે. પોલીસ-લેબર વિભાગની મધ્યસ્થીથી ઉકેલની આશા જાગી છે. અમરોલી, સાયણ, કોસાડ, સચિન અને હોજીવાલા સહિતના વિસ્તારોમાં એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં કારીગરોના અસંતોષને પગલે પોલીસ તંત્ર સક્રિય બન્યું છે.

પોલીસ અને લેબર વિભાગે કામદારોને કાયદો-વ્યવસ્થા જાળવીને ચર્ચાના માધ્યમથી પ્રશ્નો ઉકેલવા અપીલ કરી છે. હવે લેબર વિભાગ સંબંધિત એમ્બ્રોઈડરી એસોસિએશનો અને કારખાનેદારો સાથે ચર્ચા કરીને સોમવારે પોતાનો જવાબ આપશે. આગામી દિવસોમાં તહેવારો અને દિવાળીની સિઝનને કારણે કાપડ ઉદ્યોગમાં કામકાજ વધવાની શક્યતા વચ્ચે એમ્બ્રોઈડરી ઉદ્યોગના કારીગરો અને કારખાનેદારો વચ્ચે વિવાદ કેવી રીતે ઉકેલાય છે તેના પર નજર છે.

ઔદ્યોગિક વિસ્તાર પ્રમાણે એમ્બ્રોઈડરી એસોસિએશન સાથે વાતચીત થશે

બેઠકના અંતે નાયબ લેબર કમિશનરે જણાવ્યું હતું કે, જે-જે ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં સાપ્તાહિક રજાનો પ્રશ્ન ઊભો થયો છે, ત્યાં સંબંધિત એમ્બ્રોઈડરી એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે સંવાદ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે. લેબર વિભાગે આ મુદ્દે કારખાનેદારો સાથે ચર્ચા કરી જવાબ આપવા માટે સોમવાર સુધીનો સમય માંગ્યો હોવાનું જાણવા મળ્યું છે. વિવિંગ ઉદ્યોગના અગ્રણી મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતું કે, એમ્બ્રોઇડરી અને વિવિંગ ઉદ્યોગમાં વીકલી રજા વીજ કંપનીના સ્ટેગરિંગ મુજબ ચાલે છે. જે-તે વિસ્તારમાં જે દિવસ પાવર બંધ રહે છે એ મુજબ સાપ્તાહિક રજા રાખવામાં આવે છે. ઉદ્યોગમાં 7 મહિના ભયંકર મંદીના રહ્યા છે. ત્યારે વીકમાં રવિવાર ઉપરાંત બે રજા રાખવી હિતમાં નથી.

કામદારોની મુખ્ય માંગણીઓ

એમ્બ્રોઈડરી યુનિટ્સમાં કામ કરતા કારીગરો દ્વારા રવિવારે સાપ્તાહિક રજા આપવા સાથે રજાના દિવસનો પગાર ચૂકવવો, દિવાળી દરમિયાન બોનસ આપવો તથા દર મહિનાની સાતમી તારીખ સુધીમાં પગાર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત કામના સમય અને અન્ય રોજગાર સંબંધિત મુદ્દાઓ અંગે પણ આગેવાનોએ રજૂઆતો કરી હતી.

વેદાંત ઈકો પાર્ક-2માં ધમકી આપનાર 250 સામે ફરિયાદ

એમ્બ્રોઇડરી કારખાનામાં ઘસી આવી મશીનો બંધ કરી કામ ન કરવા કારીગરોને ટોળાઓએ ધમકાવ્યા હતા

સુરતઃ એક દિવસની રજા મુદ્દે કારીગરો હડતાળ પર ઊતર્યા હતા. દરમિયાન અમરોલી સ્થિત વેદાંત ઈકો પાર્ક-2માં આશરે 250 લોકોનું ટોળું ગેરકાયદે રીતે એકત્ર થઈ વિવિધ એમ્બ્રોઇડરી કારખાનાં બંધ કરાવવા ઘસી આવ્યું હતું. ટોળાએ કારખાનામાં ઘૂસી મશીનોની મેઈન સ્વીચ બંધ કરી કારીગરોને કામ બંધ કરવા ધમકાવ્યા હોવાના મામલે ટોળા વિરુદ્ધ અમરોલી પોલીસમાં વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

કારખાનું ધરાવતા વિશાલભાઈ કાંતિભાઈ ગોટીએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તા.16 ઓગસ્ટે સવારે આશરે 10થી 10:30 વાગ્યાના અરસામાં બહારથી આવેલા લોકોનું ટોળું 'બંધ કરો, બંધ કરો'ના નારા લગાવતું કારખાના તરફ આવ્યું હતું. વિશાલભાઈએ ટોળાને તેમના કારખાનામાં પ્રવેશ ન કરવા જણાવ્યું હોવા છતાં લોકો કારખાનામાં ઘૂસી આવ્યા હતા. ટોળાએ મશીનોની મેઈન સ્વીચ બંધ કરી દીધી હતી અને કામ કરતા કારીગરોને ધમકાવી કામ બંધ કરાવ્યું હતું. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, સવારે આશરે 10 વાગ્યાથી બપોરે 1 વાગ્યા સુધી વેદાંત ઈકો પાર્ક-2 તથા આસપાસના વિસ્તારોમાં આશરે 250 લોકોનું ટોળું ફરી વિવિધ ઈન્ડસ્ટ્રિઝમાં જઈ ખાતાં બંધ કરાવતું હતું અને કારીગરોને ધમકાવતું હતું. સમગ્ર મામલે અન્ય ખાતાના ધારકો સાથે ચર્ચા કર્યા બાદ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું જણાવાયું છે. અમરોલી પોલીસે અજાણ્યા આશરે 250 લોકો વિરુદ્ધ ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

જાહેરમાં કચરો નાંખ્યો તો દંડ, પણ ગંદકી કરો તો કશું નહીં!

મનપાનું અવનવું, કચરામાં 50ને દંડ કર્યો અને અડાજણમાં સ્કૂલ અને હેલ્થ સેન્ટરની આસપાસ ગંદકી છતાં કોઈ કાર્યવાહી નહીં!

સુરતઃ સુરત મહાપાલિકા દ્વારા એક તરફ પાંડેસરામાં બમરોલી ખાડી પાસે જાહેરમાં ગંદકી અને કચરો ફેંકતા બેજવાબદાર 50 લોકોને પકડીને દંડ કરવામાં આવ્યો હતો. બીજી તરફ અડાજણમાં ગંદકી કરાતી હોવા છતાં પણ કોઈ જ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

બમરોલી ખાડે પાસે કરાયેલી મનપાની દંડની કામગીરીથી કચરો ફેંકનારાઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ વિશેષ ડ્રાઈવ દરમિયાન જાહેર માર્ગ અને ખાડી કિનારે કચરાની થેલીઓ ફેંકવા આવેલા 50થી વધુ લોકોને મનપાની ટીમે રંગેહાથ ઝડપી પાડી સ્થળ પર જ રૂ.1800નો દંડ ફટકાર્યો હતો.બીજી તરફ અડાજણ પાટિયા વિસ્તારમાં વિવેકાનંદ બ્રિજના છેડે પાલિકાની શાળા અને હેલ્થ સેન્ટરની આસપાસ કચરો, ગંદકી તેમજ લારી-ટેમ્પો અને અન્ય વાહનોના દબાણથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિડંબના એ છે કે, ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં કેટલાક લોકો ઘર-દુકાનનો કચરો જાહેર સ્થળે ઠાલવી રહ્યા છે. જેની સામે મનપા દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

મહિલાએ માફી માંગી કે તે જાહેરમાં ક્યારેય કચરો નહીં ફેંકે

આ કાર્યવાહી સમયે એક ચોંકાવનારો કિસ્સો પણ બન્યો હતો, જેમાં કચરો નાંખવા આવેલી એક મહિલા પકડાઈ જતાં તેણે મનપાના અધિકારીઓ સમક્ષ હાથ જોડી માફી માંગતાં કહ્યું હતું કે, હવે પછી તે ક્યારેય જાહેરમાં કચરો નહીં ફેંકે. જોકે, અન્ય લોકો પણ બોધપાઠ લે તે હેતુથી તંત્ર દ્વારા નિયમ મુજબ શિસ્તબદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

મનપાના 150 MOને ટીકુ કમિશનના લાભ મુદ્દે અન્યાય

સુરતઃ તાજેતરમાં ખાડીપૂરની ગંભીર પરિસ્થિતિ દરમિયાન પણ મેડિકલ ટીમોએ રજાના દિવસોની પરવા કર્યા વિના હેલ્થ સેન્ટર્સ અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવી હતી. પૂરગ્રસ્ત વિસ્તારોમાં જાનના જોખમે પણ આરોગ્ય સેવાઓ ચાલુ રાખનાર આ તબીબોનું કહેવું છે કે ફરજની બાબતમાં મનપા તેમને આગળ રાખે છે, તો પગારના હક્કના લાભમાં જ તેઓ પાછળ કેમ? મેડિકલ ઓફિસરોના જણાવ્યા મુજબ મેડિકલ કેડરમાં પ્રમોશનની મર્યાદિત તકોને ધ્યાનમાં રાખીને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા ટીકુ કમિશનની જોગવાઈ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે વર્ષ-1997માં રાજ્યના મેડિકલ ઓફિસરો માટે આ લાભ મંજૂર કર્યો હતો. સામાન્ય રીતે 6, 13 અને 19 વર્ષની સેવા પૂર્ણ થયા બાદ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર હોવાનું તબીબો જણાવી રહ્યા છે. સુરત મનપામાં હાલ આશરે 150 જેટલા મેડિકલ ઓફિસર આ લાભ માટે પાત્ર બની શકે તેમ હોવાનો દાવો છે. રાજ્ય સરકાર તરફથી પણ મેડિકલ ઓફિસરોને ટીકુ કમિશનનો લાભ આપવા મંજૂરી આપવામાં આવી હોવા છતાં સુરત મનપામાં તેનો અમલ કેમ થતો નથી તેવો સવાલ તબીબો ઉઠાવી રહ્યા છે.

પોલીસને ગાળો આપતી રીલ વાયરલ કરનાર સામે ગુનો

સુરતઃ કામદારોની હડતાળ અને પોલીસ સાથે ઘર્ષણના તંગદિલીભર્યા વાતાવરણ વચ્ચે સોશિયલ મીડિયા પર પોલીસને સંબોધીને ગંદી અને બિભત્સ ગાળો આપતી રીલ અપલોડ કરનાર ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક વિરુદ્ધ અમરોલી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. દરમિયાન, વેદાંત સર્કલ પાસે સોશિયલ મીડિયા મોનિટરિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલને ઈન્સ્ટાગ્રામ પર 'monu^yadav780089' નામના આઈડી પરથી એક રીલ જોવા મળી હતી. આ વિડીયોમાં એક શખ્સ પોલીસ તેમજ અન્ય લોકોને જાહેર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બિભત્સ ગાળો આપતો નજરે પડ્યો હતો.

પોલીસની છબી ખરડવા અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરવા બદલ હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહની ફરિયાદના આધારે પોલીસે 'monu^yadav780089' આઈડી ધારક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે વિડીયો બનાવનાર અને આઈડી ચલાવનાર શખ્સની ઓળખ છતી કરવા સહિતની આગળની તપાસ તેજ કરી છે. કામદારોની હડતાળ અને તે બાદ સર્જાયેલી સ્થિતિ પર પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે.

ડિંડોલીમાં ડેન્ગ્યુની અસર બાદ 32 વર્ષીય યુવાને દમ તોડ્યો

શહેરમાં તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા સહિતની બીમારીઓના કેસો

સુરતઃ શહેરમાં વરસાદી માહોલ વચ્ચે પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકરતો જોવા મળી રહ્યો છે. શહેરમાં તાવ, ડેન્ગ્યુ, મલેરિયા સહિતની બીમારીઓના કેસ સામે આવી રહ્યા છે. દરમિયાન ડિંડોલી વિસ્તારમાં તાવ આવ્યા બાદ ડેન્ગ્યુની અસરથી 32 વર્ષીય યુવાનની તબિયત લથડતાં તેનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ડિંડોલી વિસ્તારમાં સેફોન સ્કાય નામની નવી બંધાતી બિલ્ડિંગ નજીક ઝૂંપડામાં રહેતો 32 વર્ષીય સોનુંકુમાર બેચુ ભારતી સેન્ટિંગનું કામ કરતો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી તેને તાવ આવતો હોવાથી પરિચિત મિત્ર તેને નજીકના દવાખાનામાં સારવાર માટે લઈ ગયો હતો. જ્યાં તેને બોટલ પણ ચડાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ ઘરે પરત લાવવામાં આવ્યો હતો. જોકે સોમવારે રાત્રે અચાનક તેની તબિયત વધુ બગડી જતાં તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક રીતે ડેન્ગ્યુની અસર બાદ તબિયત લથડી હોવાનું જાણવા મળ્યું છે.

નોંધનીય છે કે, વરસાદની મોસમ વચ્ચે સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડા-ઉલ્ટી, ડેન્ગ્યુ, મલેરિયા, તાવ, શરદી અને ઉધરસ સહિતની બીમારીઓના દર્દીઓ સારવાર માટે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં પહોંચી રહ્યા છે. ત્યારે વધુ એક યુવાનના મોતથી વરસાદી રોગચાળાને લઈને ચિંતા વધી છે.

કોલેજની ફ્રેશર પાર્ટીમાં જેન-ઝીએ મચાવી ધૂમ

■ ન્યૂ સિટીલાઈટ ભરથાણા ખાતે આવેલી ડીઆરબી કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ફ્રેશર પાર્ટી યોજવામાં આવી હતી. ફ્રેશર પાર્ટીમાં વાજતે-ગાજતે જેન-ઝીના વિદ્યાર્થીઓએ ધૂમ મચાવી હતી. **(તસીવરઃ સતિષ જાદવ)**

આજે વર્લ્ડ ફોટોગ્રાફી ડે પરિવાર એક સમયે સાથે બેસી વિતેલા સમયની તસવીરો જોઈ વિસરેલી યાદો વાગોળતો હતો

પહેલા ફોટો પડાવવો પ્રસંગ હતો, હવે...

પહેલા ફોટા પડાવવા માટે સ્ટુડિયોમાં જવું એટલે પહેલા તૈયાર થવાતું હતું, હવે મોબાઈલનું ચાર્જિંગ જોવાય છે

હવે સ્ટુડિયોમાં જતાં નથી, મોબાઈલમાં જ ફોટા પાડી લેવાય છે, ફોટોગ્રાફી ઈવેન્ટો પૂરતી જ મર્યાદિત થઈ ગઈ

સુરતઃ દર વર્ષે તા.19મી ઓગસ્ટને 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ૧૯ ઓગસ્ટ ૧૮૩૯ના રોજ ફ્રાન્સમાં લૂઈ દાગેર દ્વારા 'ડેગેરિયોટાઈપ' પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત સાથે જોડાયેલો છે. આવતીકાલે પણ તા.19મી ઓગસ્ટે 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' નિમિત્તે અનેક કાર્યક્રમો થશે પરંતુ એક વાત સત્ય છે કે આજના મોબાઈલના જમાનામાં જે ફોટો પડાવવાનો ક્રેઝ હતો તે જતો રહ્યો છે.

એક સમય હતો કે જ્યારે ફોટો પડાવવો તે લકઝરી ગણાતું હતું. ક્યાંય ફરવા ગયા હોય કે પછી ઘરમાં કોઈ પ્રસંગ હોય, ફોટા પડાવવા માટે જવું એટલે મોટી વાત ગણાતી હતી પરંતુ મોબાઈલના કેમેરાએ ફોટો પડાવવા માટેના ઉત્સાહને દૂર કરી દીધો છે. પહેલા ફોટોગ્રાફરો પાસે ફોટો પડાવવામાં આવતો હતો પરંતુ હવે સીધો મોબાઈલના કેમેરાથી જ પાડી લેવામાં આવે છે અને તેને કારણે એક સમયે જેના સ્ટુડિયો ધમધમતાં હતા તેઓ હવે વેડિંગની સાથે સાથે અન્ય ઈવેન્ટની ફોટોગ્રાફીમાં લાગી ગયા છે. ફોટો પડાવવાનો ક્રેઝ ખૂબ જ ઘટી ગયો છે. જાણે તેનું મહત્વ જ રહ્યું નથી.

એક સદીથી વધુ જૂના સુરતના વી.એન. મહેતા સ્ટુડિયોના ફોટાથી સુરતની માહિતી મેળવાઈ હતી

સુરતમાં ફોટોગ્રાફીના ઈતિહાસની વાત થાય ત્યારે સૌથી મહત્વનું નામ વીએન મહેતા કું.નું આવે છે. ઉપલબ્ધ દસ્તાવેજી સંશોધન મુજબ વિજભૂખણદાસ નરોતમદાસ મહેતાએ 1 જાન્યુઆરી 1901ના રોજ સુરતમાં આ સ્ટુડિયો શરૂ કર્યો હતો. NIDના વિદ્યાર્થીના 2017ના સંશોધન-પ્રોજેક્ટમાં તેને સુરતનો સૌથી જૂનો ફોટોગ્રાફી સ્ટુડિયો તથા ભારતનો ત્રીજો ફોટોગ્રાફી સ્ટુડિયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. અર્બન મેનેજમેન્ટ સેન્ટરના સુરત હેરિટેજ દસ્તાવેજીકરણ પ્રોજેક્ટમાં પણ વીએન મહેતા કું.ને 2009માં 104 વર્ષથી વધુ જૂનો સ્ટુડિયો ગણાવી તેના માલિકોનો સંપર્ક કરીને જૂના ફોટોગ્રાફ્સમાંથી સુરતના ભૂતકાળ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ થયો હતો.

આ ઇન્ડસ્ટ્રીમાં બદલાતી ટેક્નોલોજી સાથે જે તાલમેલ રાખશે એ જ ટકશે: મનીષ શાહ



જાણીતા વેડિંગ અને ઇવેન્ટ ફોટોગ્રાફર મનીષ શાહ કહે છે કે,'મારું માનવું છે કે,કેમેરાની પાછળની આંખો માણસની જે લાગણી જોઈ શકે છે એ AI જોઈ શકે નહીં. ટેક્નોલોજીથી અપગ્રેડ થતા મોબાઇલનો જમાનો આવ્યા પછી ફોટોગ્રાફી સ્ટુડિયો ઇન્ડસ્ટ્રીમાં સ્પર્ધા વધી છે. દુકાનોમાં બેસીને ચોક્કસ વિસ્તારમાં અગાઉ સ્ટુડિયો થકી વેપાર થતો એ તરેહ હવે બદલાઈ છે. હવે ફોટો આલ્બમ બનતા નથી તેથી પ્રિન્ટિંગ સેગમેન્ટમાં ફટકો પડ્યો છે. હવે આ ઇન્ડસ્ટ્રીમાં બદલાતી ટેક્નોલોજી સાથે જે તાલમેલ રાખશે એ જ ટકશે.

ઇવેન્ટ ફોટોગ્રાફી ઈન્ડસ્ટ્રીમાં રોકાણ વધ્યું આવક ઘટી રહી છે: યોગેશ કાપડિયા

ત્રણ દાયકા ઉપરાંતથી વેડિંગ અને ઇવેન્ટ ઇન્ડસ્ટ્રીમાં સ્કિલ્ડ ફોટોગ્રાફી કરવા માટે જાણીતા યોગેશ કાપડિયા કહે છે કે, 'મોબાઈલના કેમેરાને કારણે સુરતમાં એરિયા વાઈઝ ચાલતા ઘણા નાના ફોટોગ્રાફી સ્ટુડિયો બંધ થઈ ગયા છે. સામાન્ય માણસ પણ નાના પ્રસંગોના મોબાઈલમાં HD ડેફિનેશન ફોટો બનાવી આપે છે.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN- U65922KL2011PLCO29231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ., 19/ઈ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ સી/ઓ. મુથૂટ હોમફિન (ઈ) લિ., પહેલો માળ, પ્રેમાઈસિસ નં. 1 અને 2, શાંતિ કોમ્પ્લેક્સ, રિલાયન્સ મોલ નજીક, ગુંજન રોડ, જીઆઈડીસી, વાપી - 396000, ગુજરાત.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈ) લિ., 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત ગુજરાત - 395009.

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]
પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ અસ્કયામતનો કબ્જો મેળવ્યાને અનુસરીને, દેવાદાર/ઓ પાસેથી બાકી રકમ વસૂલવા માટે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જે જ્યાં છે ત્યાં', 'જેવું છે તેવું' અને 'જે કંઈ પણ છે તેવું'ના ધોરણે અધિકૃત અધિકારીના કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

અ. નં.	ધિરાણ લેનાર(ઓ)/ સહ-ધિરાણ લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ લોન ખાતા નંબર/શાખા	માગણી નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત	ઈ.એમ.ડી. રકમ (10% RP)
1.	અમિતકુમાર અશોક રાજપૂત/ જાગૃતિ અમિત રાજપૂત/ 004-00401196/ સુરત	10-સપ્ટેમ્બર-2019 રૂ. 8,74,930/- (રૂપિયા પાંચ લાખ ચુમોતેર હજાર નવસો ત્રીસ માત્ર.)	બી- 402 અક્ષર પેલેસ સોસાયટી, પલસાણા ગામ નજીક, પલસાણા, સુરત, ગુજરાત- 394315	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ માત્ર.)	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર.)
2.	અશ્વિની વેદાંત મિશ્રા/ મમતા જેનાથ મિશ્રા/ 004-00405461/ સુરત	23-સપ્ટેમ્બર-2025 રૂ. 4,15,769/- (રૂપિયા ચાર લાખ પંદર હજાર સાતસો ઓગણસિત્તેર માત્ર.)	ફ્લેટ નં. 415, ચોથા માળે ક્ષેત્રફળ 276 ચો. ફૂટ એટલે કે 25.66 ચો. મીટર કાર્પેટ એરિયા અને 306 ચો. ફૂટ એટલે કે 28.44 ચો. મીટર બિલ્ટ અપ એરિયા અને 460 ચો. ફૂટ એટલે કે 42.76 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા, સાથે "માધવ કોમ્પ્લેક્સ ઓફ સાઈબાબા નગર" ની જમીનમાં 4.72 ચો. મીટર અવિભાજિત હિસ્સો, બ્લોક નં. 123 માં સ્થિત ક્ષેત્રફળ ગુંઠા 2-29 આકાર રૂ. 17.99 પૈસા, પૈકી પ્લોટ નં. 58, 59, 60, 61, 64, 65, 66 અને 67 કૂલ ક્ષેત્રફળ 445.84 ચો. મીટર "સાંઈ બાબા નગર" માં, મોજે દેલાડ, તા. ઓલપાડ, જી. સુરત. સરહદોઃ ઉત્તર- 20 ફૂટ રોડ, દક્ષિણ- 20 ફૂટ રોડ, સાઉથ- 20 ફૂટ રોડ, વેસ્ટ- 15 ફૂટ રોડ.	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ માત્ર.)	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર.)
3.	હિરેનભાઇ મનસુખભાઇ કાવા / વિશ્વ હિરેનભાઇ કાવા / 004-00403487 / સુરત	21-જુલાઈ-2025 રૂ. 6,03,670/- (રૂપિયા છ લાખ ત્રણ હજાર છસો સિત્તેર પૂરા).	ફ્લેટ નં. A-503, શ્યામ પેલેસ બિલ્ડિંગ નં. A, વ